સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

છે જૂથનો સમૂહ, સંગઠન જેવું રહ્યું છે ક્યાં?
રમાડે સૌ એકમેકને, સંબંધો જેવું રહ્યું છે ક્યાં?
ખેંચાઇ જાય ટાંટિયા, વિશ્વાસ જેવું રહ્યું છે ક્યાં?
છે 'ઓવરટેક', 'સીનીયોરીટી' જેવું રહ્યું છે ક્યાં?
(મૂખ્યમંત્રી નો કાર્યભાર કોઇને નહીં!

હાઈકુ

શિયા-સૂક્ષ્મી ની,
થાય યાદવાસ્થળી -
આતંકી ખેલ...

ખોટકાઇ ગ્યું!
મોસમી ઋતુ ચક્ર -
ત્યાં યે અંધેર..

ચિંતન

સુખમા પતિતં સેવ્યં દુખમા પિતિતં તથા । ચક્રવત્યરિવર્તન્તે દુખાનિ ચ સુખાનિ ચ ॥

'જેવી રીતે હરખ-આનંદથી ઉન્માદમાં આવી છક્કી ગયા વિના સુખ ભોગવવું જોઇએ તેવી જ રીતે દુખ અને શોકથી વિચલિત થયા વિના દુ:ખ તો પૈડાના સારા જેવા છે જીવનચક્રમાં એ સતત ફર્યા કરે છે. સુખ અને દુ:ખ તો આવે અને જાય છે.'

ઘણા માણસોને પદ-સત્તા-સમૃદ્ધિ મળે પછી છક્કી જાય છે. સ્વભાવે બહેકી જાય છે, એને વડીલ-વિદ્વાન બધાં તુચ્છ લાગે છે તેમની સાથે અપમાનજનક વર્તન કરે છે અને મનમાં એવો ભાવ હોય છે કે, 'હવે હું પૈસાથી બધું જ કરી શકું છું. ખરીદી શકું છું. પરંતુ એને ખબર નથી મા ના આશીર્વાદ - સંતોની શુભેચ્છા, વડીલોનું સાચા અંત:કરણનું વાત્સલ્ય પૈસાથી વેચાતું મળતું નથી. સુખમાં સમતોલ રહેવું - વિવેક ન ગૂમાવવો.'

એવી રીતે દુ:ખમાં પણ - હિંમત હાર્યા વિના જ સહનશક્તિ કેળવી આપત્તિનો સામનો કરવો.

જીવનની ઘટમાળમાં સુખ-દુખ તો આવ્યા કરે.

સુવિચાર

- જેમ જેમ પરોપકાર કરવા જતા રૂપિયાની થેલી ખાલી થતી જાય છે, તેમ તેમ તમારું હૃદય અવર્ણનીય આનંદથી ભરાતું જાય છે - સંત વર્ગીસ
- માણસ જ્યારે પોતાનું ધન આપે છે, કે પોતાનું જ્ઞાન આપે છે ત્યારે ઘણું બધું આપે છે, પરંતુ જ્યારે તે પોતાનો પ્રેમ આપે છે ત્યારે તે સર્વશ્રેષ્ઠ દાન આપે છે - પન્નાલાલ પટેલ
- સમસ્યા એટલે શું? સમસ્યા એટલે અપેક્ષાઓ અને વાસ્તવિકતા વચ્ચેનું અંતર - આ અંતર જેટલું વધુ એટલી સમસ્યા મોટી - એસ. ભટ્ટાચાર્ય
- માંદગી એ જીવન પ્રત્યે દાખવેલી બેદરકારીની કુદરતે કરેલી શિક્ષા છે - ડો. જગદીશ ત્રિવેદી
- સુવિચારોની સામાજિક અસર એટલા માટે દેખાતી નથી કારણ કે એ વાંચનાર ને એમ જ છે કે તે બીજાં માટે લખાયા છે - ફેસબુક
- એકવીસમી સદીનું નવું વ્યસન : શોપીંગ - ગુણવંત શાહ
- અનુભવ જ્ઞાનનો પિતા છે અને યાદશક્તિ તેની માતા - એસ. ભટ્ટાચાર્ય

(સંકલન : દિપક વી. આસરા)

બોધ કથા

આપણને કોઇની નકામી વાતો, કૂથલી-નિંદા-ટીકા સાંભળીને આપણો ખૂબ જ ઉપયોગી સમય નકામો વેઠેફી નાખીએ છીએ. એવી જ રીતે ખાલીખોટી બીન ઉપજાઉ મિટીંગો - સેમિનારમાં ખોટી ચર્ચા આયોજન કરી સમય - નાણાં નો વેડફાટ કરીએ છીએ. ઘર-સમાજનું કંઇક ઉપયોગી નક્કર કામ થવું જોઇએ..

એકવાર આવો જ એક પંચાયિતો ગામની પંચાત લઇ સોક્રેટીસ પાસે આવ્યો. સોક્રેટીસ કદી કોઇની ટિકા-નિંદા-અવગુણ કે કોઇની ખોટી વાત સાંભળતા નથી તેથી આવનાર ને પહેલાં ત્રણ પ્રશ્ન પૂછી તેની પરીક્ષા કરી લેતા..

આવનારે કહ્યું, તમારા એક કુટુંબી વિશે મેં જે કંઇ સાંભળ્યું છે એ તમને કહેવા આવ્યો છું...

સોક્રેટીસ કહે - પણ તે પહેલાં મારા ત્રણ પ્રશ્નોનો તમારે જવાબ આપવો પડશે. પેલો કહે પૂછો...

સોક્રેટીસ કહે - તમે મને જે કહેવા આવ્યા છો તે વાત સો ટકા સાચી છે. એની તમને ખાતરી છે?

પેલાએ ના પાડી.

બીજો પ્રશ્ન - તમે જે કંઇ કહેવાના હો તેમાં મારા કુટુંબીજનના સદ્‌ગુણ બાબત જ છે? દોષ હું સાંભળતો નથી.

પેલા એ ના પાડી.

ત્રીજો પ્રશ્ન - એ વાત મને ઉપયોગી છે?

પેલાએ ના પાડી..

સોક્રેટીસ કહે - તો મારે તમારી વાત સાંભળવી જ નથી.

Email - sureshchandrabhatt18@gmail.com

સમય કન્વર્ટ કરી શકાય તો, જિંદગી જીવવા જેવી લાગે

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

- સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઈ પરમાર 'દધિ'

સાહિત્ય અવસર સેતુ

આપણા નગરની એકમાત્ર સક્રિય સાહિત્યિક સંસ્થા - ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, આપણી ગરવી ગુજરાતી ભાષાના સુસાહિત્ય હરઘડી- હરપળ ધબકતું-ધડકતું રાખી, તેને હરદમ જીવંત અને ફૂલોની ફોરમ શું ફોરતું રાખવા; અવનવા સાહિત્યિક અને શૈક્ષણિક કાર્યક્રમો યોજવામાં આવે છે, જે અન્વયે "સર્જકની કેફિયત" કાર્યક્રમ અંતર્ગત; તા. ૧૦-૦૫-૨૦૧૫ને રવિવારના રોજ; જાણીતા ગઝલકાર ડો. મુકેશ જોષીના તાજેતરમાં લોકાર્પિત થયેલ ગઝલ સંગ્રહ "ક્ષણોની મહેફિલ"માં સમાવિષ્ટ ગઝલોના પઠનનો કાર્યક્રમ, તેઓના સ્વમુખે, તેમની આગવી શૈલી અને અનોખી વાણીમાં, ભરત કવિની અધ્યક્ષતામાં, સિનિયર સિટીઝન કાઉન્સિલના સદ્‌ભાવથી તેમના કાર્યાલયમાં સુપેરે સંપન્ન થયો.

આ સુઅવસરની શરુઆતમાં, શબદની સંગિની અને આરાધ્ય દેવી - મા સરસ્વતીની સ્તુતિ મૂળજીભાઇ પરમાર દ્વારા, સર્વેના ધબકતા કર્ણમધુર સૂરોના સથવારે કરવામાં આવી. ત્યારબાદ મે માસમાં સભ્યશ્રીઓના જન્મદિવ આવે છે. તેવા ૧૪ સભ્યોના નામો મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા રજૂ કરવામાં આવતા, હાજર સર્વે તરફથી શુભકામનાઓસહ મુબારકબાદી પાઠવવામાં આવી.

અધ્યક્ષ સ્થાનેથી ભરત કવિ દ્વારા ગઝલકાર ડો. મુકેશ જોષીનું ઉમળખાભર્યા હેતથી ભાવભીનું સ્વાગત કરી, વ્યવસાયે જોષી સિવિલ એન્જિનીયર હોવા છતાં તેમના માતૃભાષાના લગાવ અને નિવડેલા ગઝલકાર રાજેશ વ્યાસ 'મિસ્કીન' દ્વારા પોંખાયેલા અને પ્રતિભાવોથી ઝળહળતો, ક્ષણોની મહેફિલ જેવો ગઝલ સંગ્રહ આપવા બદલ અભિનંદન આપી, તેમની સાહિત્ય સાધનાને બિરદાવી.

ત્યારબાદ કુંદનબેન દવે દ્વારા તેમના વિદ્યાર્થી ડો. મુકેશ જોષીને પુષ્પગુચ્છ કરી, સદાય મહેંકતા રહેવા આશીર્વાદ પાઠવ્યા.

જાણીતા કવિ અને સાહિત્યકાર તથા આ સંસ્થાના સભ્ય ફિલીપ કલાર્ક દ્વારા સંસ્થાવતી ડો. મુકેશ જોષીનું પુષ્પગુચ્છ પરિમલથી સ્વાગત કરી, મંત્રી મૂળજીભાઇ પરમાર દ્વારા, સંસ્થાની યાદગીરીરુપે તેઓશ્રીને 'મોમેન્ટો' અર્પણ કરવામાં આવ્યો. ત્યારબાદ મંત્રી સંજય થોરાતે સર્જક ડો. મુકેશ જોષીની ઓળખાણનાં ઓજસ પાથરતાં જણાવ્યું કે : 'ડો. જોષી એટલે 'જિંદગીભર ગૂંજતી રહે એવી ગઝલના માલિક! એમની રચનામાં શબ્દો હૃદયમાંથી નીકળે છે. તેમણે સાહિત્યની ગોઠડી કરવા 'ગમે - તે - ગઝલ' નામે વોટ્સએપ ગ્રુપ બનાવી, વિવિધ ક્ષેત્રના અને વયનાં સાહિત્ય સર્જકો અને સાહિત્ય પ્રેમીઓની મહેફિલ શરુ કરી છે.'

ત્યારબાદ, ગઝલકાર ડો. મુકેશ જોષીએ 'સર્જકની કેફિયત' રજૂ કરતાં જણાવ્યું કે સમય કન્વર્ટ કરી શકાય તો, જિંદગી જીવવા જેવી લાગે. તેમણે પોતાની ઓળખ આપતાં જણાવ્યું કે તેમનો જન્મ કાલાવાડમાં તા. ૨૮-૨-૧૯૬૪ના રોજ માતૃશ્રી હિરાલક્ષ્મીની કૂખે, પિતા ભૂપતરાયના કુળમાં થયો. બાળપણ અમદાવાદમાં વિત્યુ અને ત્યાં પ્રાથમિક શિક્ષણ મ્યુનિ. સ્કૂલમાં મેળવી, ૧૯૭૦થી ગાંધીનગરને વતન બનાવ્યું. તેમણએ એલ.ડી. એન્જીનિયર કોલેજમાંથી સિવિલ એન્જી. થઇ. દેશની અગ્રગણ્ય એવી 'ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટૈકનોલોજી, મુંબઇથી પીએચ.ડી.ની પદવી મેળવી, ૧૯૮૪થી સરદાર સરોવર નિગમમાં સેવા બજાવે છે. તેઓએ આ ગઝલ સંગ્રહ આપવાનું શ્રેય તેમની બે દિકરીઓ ઘોષા અને ગૌરવીને આપતા જણાવ્યું કે, 'જે લખાયું છે તે 'સ્વાન્ત: સુખાય' છે, એમાં કોઇ ઉપદેશનો હેતુ નથી. આમ છતાં, વાંચકોના જણાવ્યા મુજબ, તેમને એ પોતાની વાત કે પોતાના વિચાર સમા લાગે છે, એ મારું સદ્‌ભાગ્ય છે, બાકી હું તો સિમેન્ટ, ક્રોકિંટ અને સ્ટીલ સાથે રહેનારો માણસ.' તેમણે પોતાની ગઝલોમાં ભાવને - મૌલિકતાને પ્રાધાન્ય આપ્યું છે, એટલે આ ગઝલોમાં વ્યાકરણ તેમજ શાસ્ત્રીય બંધારણની દૃષ્ટિએ એકેય રચના પૂર્ણ નહીં હોય કે દોષમુક્ત નહીં હોય, તેમ છતાં ભાવને મહત્ત્વ આપી, થોડીક મૌલિકતા સહી લઇ, કૃતિઓને પાંગરવા દેવા અને માણવા વિનંતી કરી, ગઝલ પઠન કર્યું. જેમાં વીસેક ગઝલોને તેમની અનોખી વાણીમાં વહેતી કરી, સર્વેને મંત્રમુગ્ધ કર્યા. દરેક ગઝલમાં ઊભરાતો નવીન ભાવ; લાગણી, વેદના, સંવેદના અને પ્રકૃતિનો અનુભવાતો સ્પર્શ, જીવનના સંઘર્ષોની વાત, સંવેદનાસભર સંવાદનો સુંવાળો સ્પર્શ અને અહમથી સોહમ સુધીની સુગંધ સર્વેએ નાણી, માણી અને વખાણી. તો આવો! પઠન કરાયેલ ગઝલોના થોડાક શેર - મત્લા - મક્તાને માણીએ.

- વાંદળાનું કદ નહીં, પણ દળ જુઓ.
  માનવીનું પદ નહીં, સમજણ જુઓ.
  જે નમ્યા ના પહાડો જયારે કોઇને,
  એમના અથડાય આ કણ, જુઓ.
- સ્મરણોની વચ્ચે મજામાં રહ્યો છું
  વમળોની વચ્ચે મજામાં રહ્યો છું.
  મહીં જો ને ઉછળે છે મોજાઓ કેવાં?
  સમંદર સમો હું મજામાં રહ્યો છું.
- છે મહાભારત બધે, તો પણ હવે વિષાદ ક્યાં?
  કૃષ્ણ તો આજેય છે, પણ એ હવે કહેતો નથી.
- છંદથી રીસાયેલા શબ્દો થકી,
  અર્થ જે ઝરતો ગમે તે તે ગઝલ.
- કંઇક તો તું ન્યાય જેવું કર હવે,
  જયોતિષી મલકાય, એવું કર હવે.
- ચાલ હવે એનુંય થોડુંક હિત કર,
  કંઇ નહીં તો જાતને તો પ્રીત કર.
- જો નસીબની આડે આવે પાંદડું,
  ફૂંક મારો ને ખરે એવું બને.
- કોઇકના દિલમાં જગા થોડી બનાવી રાખજે,
  નામ પર તો જમીનો ફાળવીને શું કરીશ?
- જિંદગી આખીય શું તું વાવણી કર્યા કરીશ?
  તારું જ વાવોલું હવે ક્યારેક લણીને જોઇજો.
- કોઇ પણ ઉંમર, જાતિ કે પછી ધરમ હો,
  હોઇ હર્ષનું તોય, પણ ખારાશ પડતું હોય છે.
- સહેજ એની યાદનો આધાર લઇને ચાલશું,
  એકતારાના અમે પણ તારા થઇને ચાલશું.
- છે ગઝલમાં છંદ અને દોષ માત્રાના ઘણાં,
  કોઇ લખે શબ્દ, અમે સાર થઇને ચાલશું.
- જે બન્યું એને હવે તો ઢાંકવાનો છે સમય.
  એક સાચો શેર શોધી ટાંકવાનો છે સમય.
- કો'ક દિન એવોય મારો હોય છે,
  થાક લાગે ત્યાં કિનારો હોય છે.
  શેર સઘળા દાદ માંગી ના શકે,
- લાખોમાં એકાદ સારો હોય છે.
- આ નદી જેવું કશુંક વહેતું રહ્યું એ શું હતું?
  મેં વળી ખળખળ અહીં જે સાંભળ્યું એ શું હતું?
- એકાદ તારી વાતને ખોટી ગણીને જોઇજો,
  ને બીજાની વાતને સાચી ગણીને જોઇજો.
- હસ્ત રેખાઓ કદી સુકાય એ સારું નહીં,
  કો'કનાં આંસુ લૂછી એને પલાળી આવીએ.

- દધિ

ફારુકને લઇ ઉઘાડી છરી સાથે હું બહાર નીકળ્યો મારી કોમના યુવાનોને જાણ થઇ તો મારી સાથે આવવા તેઓ તૈયાર થયા, મેં સૌને શાંતિ તથા સંયમ રાખવા સ્પષ્ટ ચેતવણી આપી

ભારત : એક વિઝન - ૨૦૨૦
એક ખરા મધ્યાહ્નનું સ્વપ્ન

- અનંત. ન. વ્યાસ

૨૦૨૦માં ભારતની અનેકવિધ પ્રગતિ વિષયક દર્શન 'ચિત્રલેખા' માં મહાન વ્યક્તિઓએ રજૂ કર્યા છે. બપોરનું ભોજન લઇ એંસી વરસના 'સત્યાંશુ' પ્રગટ થયેલા આ વિચારો વાંચે છે. ધીમે ધીમે તેની આંખો મળી ગઇને તેમને પણ ખરા બપોરે સ્વપ્ન લાધ્યું.

સ્વપ્નામાં તેઓ ભારતની યાત્રાએ નીકળ્યા છે. પદયાત્રા છે. કારણ પેટ્રોલ તો જોવા પણ નથી મળતું - ફરતાં ફરતાં એક ગામ નજરે પડ્યું. ગામને પાદરે નદી વહેતી જોઇને નવાઇ લાગી. આ લોકો પછાત લાગે છે. નદીનું પાણી તે કંઇ પીવાય? અને નદીના કાંઠા પર પીપળો ઊભો છે. સામે વડલો ને લીંબડો છે. આ તો પોતે નાનપણમાં આ વૃક્ષો જોયેલા તે ઓળખી કાઢ્યા. બાકી બાળકોને તો ચિત્રોમાં જ વૃક્ષો જોવાના ને પાન દોરવના...

પીપળાની છાયામાં ઘડીભર બેઠા. સામે નજર કરી તો એક ઇમારત દેખાણી... જરા ધ્યાનથી જોયું તો વિચિત્ર લાગ્યું. આ તે 'મંદિર છે કે મસ્જિદ'? ઉપર ત્રિકોણાકાર શિખર છે. સૌનાનો કળશ છે ને ભગવી ધજા ફરકે છે.. પણ શિખરની ચારેબાજુ મસ્જિદના મીનારા છે ને તેનાથી લીલી વાવટી ફરકે છે. આવું વિચિત્ર સ્થાપત્ય જોઇ કુતૂહલ થયું. લાવ જઇને જોઉં તો ખરો.

ઇમારતના દરવાજે પહોંચ્યા તો વળી વધારે કૌતુક થયું. દરવાજા બહાર બે વિશાળ શિલાઓ ઊભી છે. એક પર શ્રીમદ્ ભગવદ્ ગીતા તથા મહાભારતના શ્લોકો ટાંક્યા છે તો બીજી શીલા પર 'કુરાને શરીફ' ની આયાતો કોતરાયેલી છે. દરવાજા સામે જોયું તો એક દ્વાર પર ગણેશની મૂર્તિ તો બીજા દ્વાર પર ૭૮૬ નો અંક કોતરાયેલો છે. આ તો ડગલે ને પગલે કોઇ જુદો સંદોશો આપે છે.

ભારતમાં જયા દાખલ થયા તો એકબાજુ પર નિર્મળ પાણીથી ભરેલો કુંડ છે. પાસે 'વજુ' કરવા માટે કુંજો પડ્યો છે. નિકટમાંથી હવન કરવા માટે વેદી બનાવી છે. આસપાસ આસનો ગોઠવેલા છે. વેદીમાં ભસ્મ અને કુંજામાં પાણી છે.

હવે આ વિશિષ્ટ મંદિર - માં કોની પૂજા થાય છે તે જોવા તેનું મન અધિરું બની ગયું. ઝટપટ પગથિયાં ચડી એક વિશાળરુમમાં પ્રવેશ કર્યો. રુમ વિશાળ છે પણ તેમાં એક પણ થાંભલો નથી. ફક્ત સામેની દિવાલ પર કંઇક ચિત્રો દોરેલા છે. અન્ય દિવાલો પર કશું પણ લખાણ નથી.

ચિત્ર નજદિક જઇ જોયું તો ચિત્રો અનુક્રમે દોરાયા છે. ચિત્ર નીચે પણ કંઇ નોંધ નથી. સત્યાંશુ ચિત્રો બરાબર જુએ છે. પ્રથમ ચિત્રમાં એક બ્રાહ્મણ દંપતિ વૃક્ષ નીચે બેઠું છે. સામે એક કિશોરની લાશ પડી છે ને તેની છાતીમાં છરી હુલાવાઇ છે.

ચિત્ર નં. ૨ માંએક મૌલવી ઊભા છે તેની આંગળીએ વળગી એક કિશોર ઊભો છે. મૌલવીના જમણા હાથમાં છરી છે જે તેણે બ્રાહ્મણ દંપતિ સામે ધરી છે તેનો બીજો હાથ પુત્રની છાતી પર છે. ત્રીજા ચિત્રમાં હિંદુ મુસ્લિમ સમાજ એકઠો થયેલો દર્શાવાયો છે અને દુરથી ત્રણ કિશોરો આવતાં દર્શાવાયા છે.

ચોથા ચિત્રમાં દૂરથી આવતા દેખાતા કિશોરોમાંથી બે ઊભા છે. સૌથી મોટો દેખાતો યુવાન જાતે છાતીમાં છરી મારી ઢળી પડેલો દેખાય છે. પાંચમા ચિત્રમાં એક યુવતી કંઇક આહ્વાન કરતી હોય તેમ હાથ ઊંચાં કરી રહી છે ને જવાબમાં સમાજમાંથી થોડા યુવાનો ઊભા થતા જણાય છે. છેલ્લા ચિત્રમાં જલતી ચિતા તથા કબર દેખાય છે. ચાર યુગલ તેની આસપાસ ફેરા ફરી રહ્યાં છે.

આજુબાજુ આ ચિત્રો અંગે કંઇ નોંધ નથી. સત્યાંશુ વિચારે છે. 'શું હશે આ ચિત્રની કથા? ચિત્રો કંઇ બહુ જૂના નથી. તાજા ચિતરાયેલા છે. આમાં જરુર કંઇ રહસ્ય છે. પણ શું છે તે ખબર નથી પડતી.'

થોડીવારે કોઇ વાતો કરતું આવતું હોય તેવા અવાજો સંભળાયા. તેણે દરવાજા તરફ નજર કરી બે વયોવૃદ્ધ વ્યક્તિઓ હાથમાં હાથ રાખી. પગથિયાં ચડી રહી હતી. સત્યાંશુની આંખો ફાટી ગઇ. 'અરે આ તો એ જ વ્યક્તિઓ છે જે પેલા ચિત્રોમાં ચિતરાયેલા છે. શું ચિત્રો સજીવ થઇ ગયા કે પછી આ કોઇ ભૂતાવળ છે. તેણે આંખ ચોળી. તેને ભારે ડર લાગ્યો. થરથર ધ્રૂજતા અવાજે પુછ્યું. 'કોણ છો તમો? આ બધું શું છે?'

'ડરો નહીં ભાઇ - અમો માણસ છીએ. જીવતા જાગતા પણ... આ ચિત્રોમાં...!'

'હાં એ અમારા જ ચિત્રો છે. અમેજ તેમાં ચિતરાયા છીએ.' પણ આ તો ન સમજાય તેવું છે. તમો જીવતા જાગતા ને પાછા આવા ચિત્રોમાં?''

'હં અમારા નાનકડા ગામની એક મોટી ઘટના અહીં રજૂ થઇ છે.'

ઘટના? મને પુરી વાત કરશો...

સાંભળો... સારાએ રાષ્ટ્રમાં જયારે કોમી દાવાનળ સળગતો હતો ત્યારે અમારા ગામમાં શાંતિ હતી. આ ગામમાં કયારેક કોઇ પ્રકારનું તોફાન નથી થયું. અમારું ગામ અમને સૌને ખૂબ જ વ્હાલું છે. 'મૌલવી જેવી લાગતી વ્યક્તિએ વાત માંડી.'

પરંતુ અચાનક એક દિવસ પંડિત જેવા લાગતા વૃદ્ધ પુરુષે વાત આગળ ચલાવી. મારા નાના પુત્રનું ખૂન થયું. એ તો સાવ કિશોર હતો. ગામમાં સૌને વહાલો. ખૂન કોઇ નરાધમે ગામમાં તોફાન ફાટી નીકળે તે માટે આ કૃત્ય કર્યું. મને થયું. જો તોફાન ન થવા દેવું હોય તો મારે ગામ છોડવું પડે. પુત્રની લાશ લઇને અમે અહીં આવી બેઠા... ગામમાં વાત ફેલાઇ. પંડિતજીના પુત્રનું ખૂન થયું છે. બસ લોકો હાથ પડ્યું હથિયાર લઇ નીકળી પડ્યા. સૌ અહીં જ એકત્ર થયા. ઉશ્કેરાયેલા ટોળાએ બૂમો પાડી. આ લોકોને બરાબર પાઠ ભણાવી દો... એક સામે બે મૌલવીના બંને પુત્રોને મારી નાખો.

અને વાતનો દોર પોતાના હાથમાં લેતા મૌલવી કહે, અમે ગભરાયા... મને ખાત્રી હતી કે આ નરાધમ કૃત્ય કરનાર ભલે અમારી કોમનો હોય... પણ ગામનો તો નથી જ... આ ગામનો કોઇ પણ જુવાન પંડિતની પુરી અદબ જાળવે છે. ત્યાં તેના પુત્ર પર હાથ તો કેમ ઉપાડે? પણ આગ તો લાગી.. ચૂકી હવે શું થાય..? મારા મનમાં અપાર વેદના થવા લાગી. અમારું પ્યારું ગામ... જોત-જોતામાં રાખ થઇ જશે. બંને કોમના પાંચ પચ્ચીસ મરશે. પોલીસ આવશે ને ગોળીબાર થશે... તત્કાલિન વાતાવરણ શાંત થાય. પણ એ શાંતિ કેટલી ટકે? પછી કાયમ વેર... એવું કંઇક કરવું જોઇએ જેથી પહેલાના જેવું વિશ્વાસનું વાતાવરણ જામે. મારે કંઇક કરવું જોઇએ.

મેં અલ્લાહની બંદગી કરી. મને પયગામ સંભળાયો... કુરબાની આપ... કુરબાની કોની... તો સ્પષ્ટ સંભળાયું તારા પુત્રની... મારા મનમાં પ્રકાશ પથરાયો. અલ્લાહ આકરી કસોટી કરે છે. ગામને જીવતું રાખવું હોય, પ્રેમભાવ સ્થિર રાખવો હોય તો પુત્રનો મોહ જતો કરવાનો. મેં પત્નીને કહ્યું... આપણા ફારુકને તૈયાર કર. ખુદાનો પયગામ છે. તેની કુરબાની કરવાનો.

ફારુકને લઇ ઉઘાડી છરી સાથે હું બહાર નીકળ્યો મારી કોમના યુવાનોને જાણ થઇ તો મારી સાથે આવવા તેઓ તૈયાર થયા. મેં સૌને શાંતિ તથા સંયમ રાખવા સ્પષ્ટ ચેતવણી આપી.

હા એ લોકો આવતા હતા ત્યારે હું હિન્દુ ભાઇઓને સમજાવતો હતો. પંડિતજીએ વાતનું અનુસંધાન જાળવ્યું. હવે આ ગામમાં શાંતિ નહી રહે. વેરની આગ કાયમ જલતી રહેશે. આપણા આ વહાલા ગામનો નાશ થઇ જશે. અત્યાર સુધી દૂધ-સાકર જેમ આપણે ભળી ગયા હતા. પણ આજે દૂધમાં ઝેરનું ટીપું પડી ગયું છે. હવે આ ગામમાં રહેશું તો ઉચક જીવે જ રહેવાશે. એ કરતાં આપણે ગામ છોડી દૂર જતા રહીએ. સૌ પોતપોતાની ઘરવખરી ગાડામાં ભરી લે. ભલે આ ગામ આપણા મુસલમાનો ભાઇઓ ભોગવે.

'ભલે ગામ મુસલમાન ભાઇઓ ભોગવે' તેવા શબ્દો મારા કાને પડ્યા ને હું ચમક્યો, આ શું અમારા હિંદુ ભાઇઓ હિજરત કરવા વિચારે છે? આ તો અમારા પર કાયમનું કલંક...' મૌલવીએ વાત આગળ વધારી... 'ના... ના... એમ ન થવા દેવાય. આ તો પેઢી દર પેઢીનું કલંક... હું ઝટપટ પંડિતજી પાસે પહોંચ્યો. તેને વંદન કરી કહ્યું. પંડિતજી, આ કૃત્ય ભલે અમારી કોમના કોઇએ કર્યું હોય.. પણ એ વ્યક્તિ આ ગામની નથી... તમારું સૌનું દુ:ખ અને ઉશ્કેરાટ અમોને સ્પર્શે છે... તો આ છરી ને આ ઊભો મારો એવડો જ દીકરો... એકથી આગ ન બુઝાય... તો બીજો પણ આપીશ... પણ તમો ગામ છોડવાની વાત ન કરો. અમે તમોને નહિ જવા દઇએ. સત્યાગ્રહ કરશું. તમારા ગાડા આડા સુઇ જશું... અમને પીલીને... મારીને તમે જઇ શકશો... મને અલ્લાહનો આદેશ મળ્યો છે. કુરબાનીનો... અમે ચાર અહીં હાજર છીએ. કુરબાની આપી આગ ઠારવા અમે આવ્યા છીએ.'

પંડિતજી ઊઠીને મને ભેટી પડ્યા. તેમની આંખોમાંથી અશ્રુધારા સરી પડી. તેના મુખે ગીતાજીના શ્લોકો વહેતા થયા. મેં પણ એવો જ ભાવાર્થ દર્શાવતી આયતો બોલવાનું શરું કર્યું. ધીમે ધીમે ઝીલવા લાગ્યું.. શ્લોક ને આયાત... આયાત ને શ્લોક... પરંપરા બંધાઇ ગઇ. સૌના હૈયામાં શાંતિ પથરાવા લાગી. થોડે દૂર બેઠેલા નજીક આવ્યા. પરસ્પર ભળતા ગયા. મહિલાઓના અશ્રુભીના અવાજે વાતાવરણને પવિત્ર તથા શોકમય બનાવી દીધું.

પંડિતજી તથા મૌલવી સાહેબ તો લીન થઇ ગયેલા. પણ અમે દૂરથી ત્રણ કિશોરોને આવતા જોયા. પંડિતજીના પુત્ર મોટા પુત્રે વાત ચાલુ રાખી. કિશોરો નજીક આવ્યા મોટા થોડા યુવાન જેવા દેખાતા કિશોરે કહ્યું. 'અલ્લાહ અમને માફ કરે.. આ ગુનો અમે કર્યો છે. અમને સારી એવી લાલચ આપી ગામમાં કોમી તોફાન થાય તેવું કંઇક કરવા મોકલેલા.. અમે એક પાક સ્થળને નાપાક કરી દીધું... આ માટે અમારે સજા સહન કરવી પડે.' આમ કહી તેણે પોતાની છાતીમાં છરી હુલાવી દીધી... બીજા બે થરથર ધ્રૂજતા ઊભા રહ્યા.

પરમુલકનાનું આ કાર્ય છે તે સ્પષ્ટ થતાં સૌને સંતોષ થયો. અવિશ્વાસનું વાતાવરણ ટળી ગયું. મૌલવી તમે ઇસ્લામને લજવ્યો છે. ઇસ્લામમાં નિર્દોષને મારવાની મનાઇ છે. અલ્લાહ આગળ ગુનાની તોબાહ પોકારો.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

થોડા સમય પછી અંબા, કીકીને મળવા હોસ્ટેલ જાય છે,પહેલા કીકી મળવાની ના પાડે છે પરંતુ અંબા મળે છે અને સમજાવે છે તું અને હું, તારા પપ્પાનું ધ્યાન નહિ રાખીએ તો તેનું શું થશે એ વિચારી જો

મમ્મીઓ મમ્મી...

- નિરંજન ઓઝા

ભાવનગર જિલ્લાના શિહોર તાલુકાના લારકા ગામની વાત છે, જયાં મગન વર્ષોથી રહે છે. ૩૦ વર્ષના મગનની પત્ની એકાદ મહિના પહેલાં જ ગુજરી ગઇ છે. જેને એક ૧૦ વર્ષની દીકરી નામે કીકી છે. મિત્રો, સગાસંબંધીઓ તેમજ ખાસ કરીને મગનની મોટી બહેન રુપલીના આગ્રહને લીધે મગન બીજી વખત લગ્ન કરવા તૈયાર થયો છે. લગ્નના પંદરેક દિવસ પછી દીકરીને શહેરની હોસ્ટેલમાં મોકલવાનું નક્કી થયુ છે. ગામમાં વાતો થાય છે કે નવી વહુએ આવીને પરચો દેખાડી દીધો.

એકાદ દિવસ રુપલી બાજુના પડોશીને ત્યાં બેસવા જાય છે. ત્યારે વાત નીકળતાં પડોશણ જણાવે છે કે તારી નવી આવેલ ભાભીએ તો આવતાની સાથે જ સપાટો બોલાવી દીકરીને હોસ્ટેલમાં મોકલી દેવાનું નક્કી કર્યુ છે, ત્યારે રુપલી બહુ જ ઠાવકાઇથી જણાવે છે કે અમારાં પહેલાં ભાભીએ કીકીને બહુ જ મોઢે ચઢાવી દીધી હતી. કોઇને માને નહિ અને કોઇને ગાંઠે નહિ. તેના પપ્પાને પણ કોઇ કોઇ વખત પોતાની દીકરીના આ લક્ષણ ગમતાં નહિ તેથી જ તેને સુધારવા માટે હોસ્ટેલમાં મુકવાનું નક્કી થયું છે તેને માટે નવા આવેલ ભાભી જવાબદાર નથી. નવા ભાભીને તો એકાંતમાં રહેવા કીકીએ દીધા નથી.

એક દિવસ રાત્રે જમ્યા પછી નવી વહુ અંબાએ પોતાના પતિ મગનને પુછ્યું કે આપણી કીકીને હોસ્ટેલમાં મુકવાનું કોણે નક્કી કર્યુ છે? તેના પ્રત્યુત્તરમાં અટકીને મગને જણાવ્યું કે મારી મોટી બહેનથી કીકીના આવા લક્ષણો સહન ન થતાં, હોસ્ટેલમાં મુકવાનું તેના તરફથી સુચન થયું હતું.

થોડા સમય પછી અંબા, કીકીને મળવા હોસ્ટેલ જાય છે. પહેલા કીકી મળવાની ના પાડે છે પરંતુ અંબા મળે છે અને સમજાવે છે તું અને હું, તારા પપ્પાનું ધ્યાન નહિ રાખીએ તો તેનું શું થશે એ વિચારી જો. તું ઘરે પાછી નહિ આવે તો હું પણ મારે ઘરે જતી રહીશ, પછી વિચારજે તારા પપ્પાની પરિસ્થિતિ? આ સાંભળ્યા પછી કીકી ઘરે પાછી ફરવા તૈયાર થાય છે. તે જાણી મગન ખૂબ જ ખુશ થાય છે. નણંદબા રુપલીને તો કીકીની ગેરહાજરીમાં પોતાના ભત્રીજાના રમાડવાના સ્વપ્નો હતો તે પણ વર્ષો સુધી અધુરા રહ્યા કારણ કે મગન- અંબા બંને જણા પોતાની દીકરી કીકીને મોટી કરવામાં તેમજ સારા સંસ્કારો આપવામાં જ સમય વ્યતિત કરતા રહ્યા.

દિવસો અને વર્ષો પસાર થઇ ગયા પછી એક દિવસ કીકીનો પત્ર કેનેડાથી અંબાને મળે છે. કાગળમાં લખે છે કે પપ્પા આમ અચાનક જતા રહેશે તેવું વિચાર્યું ન હતું. તમે જે મારા માટે કર્યું અને સારા સંસ્કારો આપ્યા છે. તે ભૂલાય તેમ નથી તેથી તમારે હવે એકલાં રહેવાનું નથી. આ સાથે ટિકીટ મોકલાવું છે તેથી હું, મારા પતિ તથા મારા બાળકો તમારા અહીં આવવાની રાહ જોઇ રહ્યા છીએ. તેથી સત્વરે મળીએ તેવી શુભેચ્છા. આ કાગળ વાંચી, માતા અંબાની આંખોમાંથી હર્ષના આંસુ સરી પડે છે.